


# આખર જમાનામાં દીન અને કુરઆન

ઇસ્લામ ધર્મ અલ્લાહની નઝદીક સૌથી વધુ પસંદ કરેલો ધર્મ છે. કુરઆન અલ્લાહ તરફથી ઉતારવામાં આવેલ એ કિતાબ છે જે કયામત સુધી મુત્તકી અને પરહેઝગાર લોકોની હિદાયત કરતી રહેશે. હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.) છેલ્લા નબી છે. જેમને ઇસ્લામની તબલીગ માટે નબી તરીકે નિમવામાં આવ્યા છે. ઇસ્લામ અને અલ્લાહની કિતાબના રક્ષણ માટે પરવરદિગાર તરફથી આં હઝરત(સ.અ.વ.)ની બાદ એક પછી એક તેવા બાર રક્ષકોને સર્વ સત્તાધિકારી તરીકે ઇમામતના ઉચ્ચ હોદ્દા ઉપર નિમવામાં આવ્યા. બારમાં સત્તાધીશને લાંબી આયુષ્ય આપ્યું, તેમને ગયબતના પરદામાં રાખીને લોકોની હિદાયત માટે પોતાની હુજ્જત પૂરી કરી અને વાયદો કર્યો કે નક્કી કરેલા સમયે આપ(અ.સ.) જાહેરને કરશે એટલે કે આપ(અ.સ.) જાહેર થઇને દુનિયાને ન્યાય અને ઇન્સાફથી ભરી દેશે જેવી રીતે તે જુલ્મ અને અત્યાચારથી ભરાએલી હશે.

અજ્ઞાનતાની ચર્ચાને બાજુ ઉપર રાખીએ તો એવો ક્યો મુસલમાન હશે કે જે આ હકીકતને હદીસો અને અક્લની રોશનીમાં નકારી શકે અને દિલના ઉંડાણમાંથી યકીન ન ધરાવતો હોય. અલ્લાહે દીનના રક્ષણના બધાજ સાધનો પુરા પાડી દીધા અને જીવનના તમામ તબક્કામાં હિદાયતના માર્ગોને પ્રકાશિત અને સ્પષ્ટ કરી દીધા. ઇસ્લામ આવ્યો અને તેના બીજે તેની શક્તિથી પથરાળ જમીનને નરમ અને નાજુક બનાવીને તેને વાતાવરણના પરિબળોથી એવી ફળદ્રુપતા આપી દીધી. જેથી ઇસ્લામના મૂળો એટલા મજબુત થયા અને તે સમગ્ર જગતમાં ફેલાઇ ગયા. અરબસ્તાનના કેન્દ્ર મક્કી, મદની અને તેવી જ રીતે શામથી શામી, ઇરાનથી ઇરાની, અફઘાનથી અફઘાની, તૂર્કીથી, તૂર્ક, આફ્રીકાથી આફ્રીકી, ટૂંકમાં વિશ્વવ્યાપી સ્તરે લોકો ઇસ્લામનો પરચમ લઇને ઉભા થયા અને જોત જોતામાં ઇસ્લામે દુનિયાની વસ્તીના ધોરણે બીજા નંબરનું સ્થાન મેળવી લીધું.

આપણે આ ખુશ્નુમા બયાનને વાંચીને શું એ તારણ ઉપર આવી શકીએ છીએ કે ઇસ્લામ સુલ્હ, શાંતિ અને સલામતીની શિતળ છાયામાં, ફુલી ફાલીને આખી દુનિયામાં છવાઇ ગયો? કે પછી લડાઇના મૈદાનના અંધારીયા ફિતનાઓમાં જ્યારે ઘોડાઓ દોડી રહ્યા હતા ત્યારે એક અવાજપણ બુલંદ થઇ હતી કે ઇસ્લામના ઇતિહાસમાંથી લોહીની દુર્ગંધ આવી રહી છે. શું આ એજ ઇસ્લામ છે જેના રક્ષણ અને સલામતિ માટે અલ્લાહ તઆલાએ ઉપર દર્શાવેલ તમામ સાધનો પૂરા પાડી દીધા હતા અથવા આ જેનો ઉલ્લેખ બીજો કોઇ ઇસ્લામ છે. જે દિલોને નહિ પરંતુ પ્રદેશો ઉપર કબજો મેળવતો હતો. ખરો ઇસ્લામ તો ગઇ કાલે પણ ગરીબ અને મઝલુમ હતો અને આજે તેની મઝલુમીય્યત વધતા વધતા પરાકાષ્ટા તરફ આગળ વધી રહી છે. 'સહીહ મુસ્લિમ'માંથી રસુલે ખુદા(સ.અ.વ.)ની પવિત્ર જીભ ઉપરથી નીકળેલી એક હદીસની ચર્ચા કરવી જરૂરી છે. જેથી અલ્લાહની બારગાહમાં હાથ જોડીને દોઆ કરીએ કે પરવરદિગાર! આપણને આપણી વિચાર સરણીનું જાત નિરીક્ષણ કરવાની અને આખેરતના મુકામ ઉપર ફૂંકી ફૂંકીને ડગ ભરવાની તૌફીક આપે.

اِنَّ الْاِسلامَ بَدَاَ غَرِیباً وَ سَیَعُوْدُ

غَرِیباً کَمَا بَدَاَ فَطُوْبیٰ لِلْغُرَبَآءِ

*"બેશક! ઇસ્લામ શરૂઆતમાં ગરીબ હતો અને અંતમાં પણ ગરીબ રહશે તે માટે તે ગરીબો જે તેની સાથે છે તેના માટે તુબા (ખુશખબરી) છે."*

જો નિષ્પક્ષપણે ઇસ્લામના ૧૪૦૦ વરસના ઇતિહાસ ઉપર અવલોકન કરવામાં આવે અને પૂર્વાગ્રહને એકબાજુ મૂકીને સંશોધન કરવામાં આવે તો જાણી શકાશે કે ૭૩ ફીરકાઓમાંથી માત્ર ૧૨ ઇમામોવાળા એક જ ફીરકો એવો છે જે આ હદીસની કસોટી ઉપર પૂરો ઉતરે છે. તેમાં પણ ધીરે ધીરે બીજી સંસ્કૃતિની અસરો ઝડપથી વધી રહી છે. અહિં શરૂઆતના ઇસ્લામની વાત થઇ રહી હતી. શરૂઆતમાં ગરીબ ઇસ્લામની હાલત એ હતી કે

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ જેને પોતાની જીભ ચુસાડી હોય, ફાતેમા ઝહરા(સ.અ.) ચક્કી પીસીને જેને

ઉછેર્યા હોય તેને ત્રણ દિવસના ભૂખ્યા તરસ્યા કરબલાના રણમાં શહીદ કરી દેવામાં આવ્યા. મુસલમાનોએ લાખોની સંખ્યામાં તે લોહીમાં પોતાના હાથોને રંગીન કર્યા. પછી આલે મોહમ્મદ(અ.સ.)ને કેદી બનાવીને કુફા અને શામની બજારોમાં ફેરવવામાં આવ્યા. કાશ કે હદીસના નકલ કરનારે તેના દરેક લોહી ભીના શબ્દો ઉપર ભૂતકાળના ઈતિહાસમાં શરૂઆતના ઈસ્લામની ગુરબત વિષે અંદાજ કર્યો હોત! આપણે ઈસ્લામની આ જ ગુરબતનું માતમ કરીએ છીએ. અને યકીન ધરાવીએ છીએ કે ઈસ્લામ હંમેશા બાકી રહેશે. આપણે સારી રીતે જાણીએ છીએ કે જ્યારે દીનને ત્યજી દેવામાં આવશે અને કુરઆનને માંડલી ઉપર માત્ર બરકતની ખાતર રાખવામાં આવશે ત્યારે જેણે ભાલાની અણી ઉપર સુરે કહફની તિલાવત કરી હતી તે યાદ કરીને આપણું જીવન પસાર કરી દેશું.

જ્યારે ઈસ્લામના શરૂઆતના યુગમાં આ ગુરબત હતી ત્યારે અંતિમ યુગમાં જ્યારે દુનિયા અન્યાય અને અત્યાચારથી ભરાઇ ગઇ હશે ત્યારે દીન અને કુરઆનની ગુરબતની શું સ્થિતિ હશે? હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ સાચુંજ કહ્યું છે.

**يُوْضَعُ الدِّيْنُ و تُرفَعُ الدُّنْيَا**

*"દીનને (ખુણામાં) મૂકી દેવામાં આવશે અને દુનિયા છવાઇ જશે."*

(ઈલઝામુન્નાસીબ, પાના નં. ૧૮૧)

આ અંતિમ યુગ છે કે તે હજુ ઘણો દૂર છે તેમ તો કહી શકાય નહિ પરંતુ વર્તમાન યુગમાં ઈસ્લામની જે ગુરબત અને લાચારી જોવા મળે છે તે હદીસોની આગાહીઓ મુજબનો આ જમાનો દેખાઇ રહ્યો છે. મરહુમ આયતુલ્લાહ મુરતુઝા મુતહરીના કથન મુજબ સ્વાદિષ્ટ અને મધુર ફળો પાકતા થોડો સમય લાગે. સૂર્યનો પ્રકોપ અને ગરમીમાં અનહદ વધારો થશે અને દીન અને કુરઆનના વિરોધમાં સખ્તાઇ વધી જશે.

આખર ઝમાનામાં દુનિયા જુલમ અને અત્યાચારથી ભરાઇ રહી હશે આ તે અંગેની પુષ્કળ હદીસો સંગ્રહાએલી છે. સમાજ, રહેણી કરણી અને વિચારધારા જેવા બધા પાસઓને સ્પર્શતી બાબતોનું ચિત્ર આ હદીસોમાં રજુ કરવામાં આવ્યું છે. જેને સૌથી સાચા મઅસુમીન(અ.સ.)થી નોંધવામાં આવી છે. જેના જાહેર થવાથી હઝરત હુજ્જત(અ.સ.)ના ઝુહુરના નઝદીક હોવાનો અણસાર આવે છે. આપણે અહીંયા અમૂક એવી હદીસોની ચર્ચા કરીશું જે દીન અને કુરઆનની ગુરબતને અને તેમને ત્યજી દેવામાં આવશે. તેવો ઉલ્લેખ કરવામાં આવેલો છે અને તે આજની પરિસ્થિતિ સાથે કેટલી બધી સામ્યતા ધરાવે છે.

**تجتمِعُ الْاَجْسَادُ، وَالْقُلُوْبُ مُخْتَلِفَةٌ، وَ**

**دِيْنُ اَحدِهِمْ لَعِقَةٌ عَلَى لِسَانِهِ۔!!!**

*"લોકો (શારીરિક રીતે) એક જગ્યાએ ભેગા થશે. પરંતુ તેઓના દિલ એક બીજાથી જુદા જુદા હશે, વેર વિખેર હશે અને દીન એક કોળિયાની જેમ હશે, જે કોઇની જીભ ઉપર ફરી રહ્યો હોય અને પછી તેને થુંકી નાંખવામાં આવતો હોય."*

(નહજુલ ફસાહા, ઈલઝામુન્નાસીબ, પાના નં. ૧૮૧)

**يَأْتِىْ علىٰ اُمَّتِىْ زَمَانٌ، لايبقىٰ مِن القرآن**

**اِلَّا رَسْمُهٗ ولا من الاسلام اِلَّا اِسْمُهٗ۔**

**يُسَمَّوْنَ بِهٖ وَهُمْ اَبْعَدُ النَّاسِ عَنْهُ۔**

*"અમારી ઉમ્મત ઉપર એક એવો સમય આવશે જ્યારે કુરઆન એક છાપની સિવાય બાકી નહી રહે અને ઈસ્લામ નામનો બાકી રહી જશે. જાહેરમાં મુસલમાન હશે જેમાંથી મોટા ભાગના લોકો ઈસ્લામથી દૂર હશે."*

(મુન્તખબુલ અસર, પા. નં. ૪૨૭, બેહાર, ભાગ – ૫૨, પા. નં. ૧૯૫)

**اِضَاعَةُ الصَّلٰوت و اتّبَاعُ**

**الشَّهَوَاتِ وَالْمَيْلُ اِلَى الْاَهْوَاءِ۔**

*"તે જમાનામાં નમાઝ બરબાદ થઇ જશે. વાસનાઓ પાછળ ભાગશે અને દિલની ઈચ્છાઓને અનુસરશે."*

(ઈલઝામુન્નાસીબ, ભાગ – ૫૨, પાના નં. ૧૯૫)

આજનો જમાનો આ હદીસનું પ્રતિબિંબ છે. બહુમતિ લોકો એક એવા તબક્કા સાથે સંબંધ ધરાવે છે કે જે લોકો ઈસ્લામની હદો અને તેનો જવાબદારીઓથી પર છે. રહેણીકરણી અને ઉઠક બેઠક વિગેરેમાં એક મિશ્ર સંસ્કૃતિનું અનુસરણ કરનાર છે. જ્યાં નમાઝ એક જુનવાણી રિવાજ અને નવરાશના સમયનો અમલ ગણવામાં આવે છે. અને વાસનાઓ સંતોષવા માટે તન, મન અને ધનથી લાગેલા છે. બહુ ઓછા કુટુંબો એવા છે જે નબળા અને ગરીબ

નથી. બલ્કે માલ – મિલ્કત અને જર જાગીરના વારસદાર છે. તેમ છતાં દીન અને કુરઆનના મુલ્યોને પોતાની છાતી સરસા ચાંપી રાખેલા છે. એક વધુ હદીસમાં આ રીતે આવેલું છે.

**اَلْغُرَبَاءُ فِى الدُّنُيَا اَرُبَعَةٌ۔ قرآنٌ فى جَوُفِ ظالِمٍ وَ مَسُجِدٌ فِى نادِى قومٍ لَا يُصَلّٰى فِيُهِ و مُصُحَفٌ فى بيتٍ لَا يُقُرَ أفيه وَ رجُلٌ صَالِح مَعَ قَوُمِ سُوُءٍ۔**

*“દુનિયામાં ગરીબ ચાર પ્રકારના છે.”*

*૧. કુરઆન અત્યાચારીઓના દિલમાં*

*૨. મસ્જીદ એ વિસ્તારમાં જ્યાં નમાઝ કોઇ ન પડતું હોય.*

*૩. મુસ્હફ (કુરઆન) એ ઘરમાં જ્યાં તેની તિલાવત ન થતી હોય.*

*૪. અને એક નેક માણસ, જે એવી કૌમમાં હોય જે આઝાદ અને સંસ્કાર વગરની હોય.*

(રોઝગારહાઇ, ભાગ – ૨, પાના નં. ૭૯૬)

ક. આજે મસ્જીદો અને ઇમામવાડાઓમાં જે લોકો બોમ્બ ધડાકા કરી રહ્યા છે, જેઓ જેમની છાતીમાં કુરઆન છે છતાં પણ આ કામોને જાએઝ ગણે છે. તેઓ અનાથો અને વિધવાઓ જે નિર્દોષ છે તેઓની ફરિયાદ સાંભળીને હસે છે. રસુલ(સ.અ.વ.)નો કોલ સાચો છે. ગરીબ છે તે કુરઆન જે અત્યાચારીઓના દિલોમાં છે.

ખ. જો શહેરો, વસ્તીઓ અને વિસ્તારો શોધખોળ કરવામાં આવે તો એવો કેટલાય જગ્યાઓ છે. જ્યાં મસ્જીદો રૂદન કરે છે કે ‘નમાઝીઓ નથી રહ્યા.’

ગ. મુસ્હફ (કુરઆન)થી એવા ઘરોમાં છે જ્યાં તેની તિલાવત ન થતી હોય. જો ક્યાંક તિલાવત થતી હોય તો પણ કુરઆને મજીદ ઉપરનું ચિંતન અને મનન ભૂતકાળની વાત બની ગઇ છે.

ઘ. એક અસંસ્કારી કૌમમાં નેક માણસનું અસ્તિત્વ તેના માટે ભારે ગુરબતના દિવસો છે. જ્યાં નાના નાના બાળકોમાં રાજકારણ અને દેશના રાજકીય આગેવાનોના બારામાં પણ રસ લેવામાં આવતો હોય ત્યાં કુરઆનના બારામાં ચિંતન અને મનન કરવા માટે એ કેવી રીતે શક્ય છે કે કુરઆન ઉપર ચિંતન – મનનના આહવાનને લોકો કબુલ કરે. તે લોકો નથી જાણતા કે કુરઆન એઅલાન કરી રહ્યું છે કે તમે કુરઆન ઉપર ચિંતન અને મનન કેમ નથી કરતા?

**ياتى علىٰ اُمَّتى زمانٌ، الصابرُ منهُم علىٰ دينهِ كالُقابِضِ عَلَى الُجَمُرةِ۔**

*“મારી ઉમ્મતના ઉપર એક એવો જમાનો આવશે જ્યારે સબર કરનારા પોતાના નિયમ અને સિદ્ધાંત ઉપર અડગ રહેશે. તે એ એવા હશે અંગારાઓને પોતાની મુઠ્ઠીમાં સમાવી લેનાર.”*

(નહજુલ ફસાહત, ભાગ–૨, પાના નં. ૬૪૫, ગયબતે નોઅમાની, પાના નં. ૧૭૩)

**يَكُوُنُ حجٌّ الملوكِ نُزهةً، وَ حجٌّ الُاَغُنِيَاءِ تِجَارةً و حجّ الُفُقُرَاءِ مَسُأَلَةً۔**

*“બાદશાહ રાજકારણના અને પર્યટનના હેતુથી મક્કા જશે. માલદાર લોકો વેપાર ધંધા માટે અને જરૂરતમંદ લોકો ભીખ માગવા માટે જશે.”*

(જામેઉલ અખ્બાર, પાના નં. ૮૧)

**اِذَا ظَهَرَتِ الُمَعَارِفُ فِى حَرَمَيُنِ وَ عَمِلَ فِيُهِمَا بِمَا لَا يُحِبُّ اللّٰهُ۔ لَا يَمُنَعُ مِنُ ذَالِكَ مَانِعٌ وَلَا يَحُوُلُ دُوُنَ ذَالِكَ الُعَمَلِ الُقَبِيُحِ۔**

*“જ્યારે હરમયન શરીફમાં લહવો લઅબના સાધનો દેખાવા લાગશે અને તે ત્યાં પ્રચલિત થઇ જશે જેને અલ્લાહ પસંદ નથી અને કોઇ તેનો મુકાબલો ન કરે એટલે કે તેની વિરૂદ્ધમાં પગલાં ન ભરે. આ પવિત્ર સ્થળે અસંસ્કારી અને બિન શોભાસ્પદ પ્રવૃતિઓને અટકાવવા માટેના કોઇ પગલાં ભરવામાં નહી આવે. (તે આખર જમાનો હશે.)”*

(ઇલઝામુલ નાસેબ, પાના નં. ૧૮૪, મુન્તખબુલ અસર, પા. નં. ૪૨૯)

*અફસોસ છે કે મક્કા અને મદીનામાં ગીત સંગીતનો અવાજ બુલંદ થાય છે અને અરબસ્તાનમાં ગૂંજતો રહે છે. તે એક દુઃખદ હકીકત છે. હાજી અને બીજા સાંભળનારાઓ તેની તરફ આકર્ષાય છે. તેનો વિરોધ કરવા માટે કોઇ તૈયાર નથી.”*

(રોઝાગારે રહાઇ, પાના નં. ૭૯૬)

આ અંગે એક અજબ હદીસ ધ્યાનમાં આવી છે. જેમાં આખર જમાનામાં કુરઆનની આયતોને સંગીતની ધૂન ઉપર પડવાનું લખાએલું છે. આ વાંચ્યા પછી એમ લાગે છે કે આ જ આખર જમાનો છે.

**يُتَّخَذُ الُقُرُآنُ مَزَامِيُرَ، وَ يُوضَعُ عَلَى**

**اَلُحَانِ الَاَغانى يُقراُ بِلَاخَشُيَةٍ۔**

*“કુરઆને મજીદને સંગીતની લયમાં પડવામાં આવશે અને તિલાવત કરતી વખતે પરવરદિગારનો ડર કે ભય તેમાં નહીં જોવા મળે.”*

(બશારતુલ ઈસ્લામ, પાના નં. ૨૬)

આનાથી વધારે ભરોસાપાત્ર હદીસ કે જે હાલના જમાનાનું ચિત્ર રજુ કરે છે તે ઘણી ઓછી જોવા મળે છે. આજે કુરઆનની આયતો લયમાં અને સંગીતના સૂરમાં પડવું સામાન્ય લોકો માટે રિવાજ બની ગયો છે. કુરઆનની આયતોથી પડનારના દિલમાં ન તો અલ્લાહનો ડર પેદા થાય છે ન તો તેની રુબુબીય્યત, તેના કલામોની ઉચ્ચતા અને ભવ્યતાની કોઇ અસર જાહેર થાય છે, અને ન સાંભળનારના દિલમાં આ આયતોને સાંભળીને કોઇ મઅરેફતનું કિરણ ફૂટે છે ન જ્ઞાનમાં વધારો થાય છે. જે લોકો અરબી નથી જાણતા તેઓ માત્ર ‘અલ્લાહ’ ‘અલ્લાહ’ સાંભળે છે. અને જ્યાં જ્યાં આ વાક્ય પડનારને સંભળાઇ ત્યાં તેઓએ આ હદીસ ઉપર ઉંડાણથી વિચાર કરે અને લોકોને ગુમરાહીથી બચાવવા માટે શક્ય તેટલી કોશીશ કરે.

**لَا يَظُهَرُ القَائِمُ حَتّٰى يكونَ اَمُرُ الصبيان و**

**تَضِيُعُ حُقُوقُ الرَّحُمَانِ، وَ يُتَغَنّٰى بِالُقُرآن۔**

*“કાએમ(અ.સ.)નો ઝુહુર ત્યાં સુધી નહીં થાય બાળકોના હાથમાં સોંપી દેવામાં આવશે, સિવાય કે દીની બાબતો અલ્લાહના હક્કોને પાયમાલ કરવામાં આવશે અને કુરઆનને સંગીતની ધુનમાં પડવામાં આવશે.”*

(ઈલઝામુન્નાસીબ, પાના નં. ૧૭૮)

આ હદીસમાં પણ ઉમ્મતના લોકોનું ધ્યાન દોરવામાં આવ્યું છે કે અલ્લાહના હકોથી લોકો મોઢું ફેરવી લેશે. તે લોકો કુરઆને મજીદને સંગીતની ધુનમાં પડશે. આ આખર જમાનામાં તે લોકો કે જેમની માટે કુરઆને મજીદ હિદાયતની માટે આવ્યું છે તેઓ અલ્લાહની બેશુમાર રહેમતો અને નેઅમતોના બદલામાં તેનો હક અદા કરતા નથી. અલ્લાહની પનાહ. અલ્લાહના અમૂક બંદાઓ જે પરહેઝગાર અને અલ્લાહની તાબેદારી કરનારા છે તે અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં જરૂર આભાર માને છે જે રીતે આભાર માનવો જોઇએ. આ એ જ લોકો છે જેઓ કાએમ આલે મોહમ્મદ(સ.અ.વ.)ના માટે તન, મન અને ધનથી ખિદમત કરીને તે પોતાની ફરજ બજાવી લાવે છે.

**يُكُفَرُ بِاللّٰهِ جَهُرَةً......وَ تَؤَخَّرُ**

**الصلوٰةُ وَ تُشُتَمُ الآبَاءُ وَالُاُمَّهاتُ۔**

(બશરતુલ ઈસ્લામ, પાના નં. ૭૫)

આ હદીસમાં જે નિશાનીઓ દર્શાવવામાં આવી છે તે આખર જમાનામાં જ્યારે દેખાશે ત્યારે આપ(અ.સ.)નો ઝુહુર થશે. જેનો તરજુમો આ પ્રમાણે છે.”

*“જાહેરમાં અલ્લાહનો ઈન્કાર થશે. નમાઝ મોડી પડવામાં આવશે અને મા બાપને (ખૂબ) ગાળો આપવામાં આવશે.”*

મા બાપને ખૂબજ શરમજનક ગાળો સામાન્ય છે દરેક ઘરમાં ઝોહરૈનની નમાઝ ખાસ કરીને જ્યારે સૂરજ ડૂબવા લાગે છે ત્યારે મા બૂમ પાડે છે કે નમાઝનો સમય જઇ રહ્યો છે, જલ્દી પડી લો નહિતર કઝા થઇ જશે, તેમ છતાં આ કાંઇક ઠીક છે પરંતુ ઘણા ઘરો એવા છે કે જો જુમ્આની નમાઝ અદા થઇ જાય તો એ ઘણી મોટી વાત છે.

**سَيَأتِى عليكُمُ مِن بَعُدِىُ زَمانٌ لَيسَ فِيُهِ شَئٌ اَخُفٰى**

**مِنَ الُحَقِّ وَلَا اَظُهَرَ مِنَ الُبَاطِلِ وَلا اَكُثَرَ مِن الُكَذِبِ**

**عَلَى اللّٰهِ وَ رسولِهِ! وَ لَيُسَ عِنُدَ اَهُلِ ذَالِكَ الزَّمَانِ**

**سِلُعَةَ اُبو زَمِنَ الُكِتَابِ اِذَا تُلِىَ حَقَّ تِلَاوَتِه وَلَا اَنُفَقَ**

**مِنُهُ اِذَا حُرِفَ عَنُ مَوَاضِعِهِ؟!، وَلَا فِى الُبِلَادِ**

**شَيُئٍ اَنُكَرَ مِن الُمَعروفِ ولا اَعُرَفَ مِن الُمُنُكَرِ۔**

*“મારા પછી તમારા માટે એક એવો જમાનો આવશે જ્યારે દુનિયામાં કોઇ બાબત એટલી છુપાએલી નહિ હોય જેટલો ‘હક’ અને કોઇ બાબત એટલી જાહેર નહિ હોય જેટલું ‘બાતિલ’. એવી કોઇ ચીજ સામાન્ય નહિ હોય જેટલું કે અલ્લાહ અને રસુલ ઉપર બોહતાન અને (બજારમાં)*

*કોઇ સામાન એટલો સસ્તો ન હશે જેટલો કે કુરઆનની શુદ્ધ તિલવાત. અને સૌથી વધુ કિમતી સામાન હશે કુરઆનનું ખોટું અર્થઘટન અને પાયા વગરના ખુલાસાઓ જેનુ કોઇ અસ્તિત્વ ન હશે. શહેરોમાં કોઇ ચીજ 'મઅરૂફ'ની જેવી સૌથી વધુ ખરાબ અને 'મુન્કર'ની જેવી સૌથી વધુ સારી દેખાશે નહીં.''*

અલ્લાહ, અલ્લાહ, આપણા રસુલે અકરમ(સ.અ.વ.)ની આગાહી કેટલી સચોટ છે. આ જમાનાને કેટલી અનુરુપ છે? સુજ્ઞ વાંચકો, આપણે અલ્લાહના આ સૌથી પ્રિય બંદા જ રિસાલતે મઆબની આપણી ઉપર કેટલી મોટી મહેરબાની છે કે તેમણે આપણને આ જમાનાની આ પરિસ્થિતિથી આગાહ કરી દીધા. શયતાનની અસરોએ દુનિયાને જકડી રાખી છે. આજે અમ્ર બિલ મઅરુફ કાચા ઘડામાં પાણીની જેમ છે. તેની કોઇ અસર નથી, હા, 'મુન્કર' વેપાર, સ્વાર્થવૃત્તિ, પોતાનો સ્વાર્થ પાર પાડવું ગીબત મજાક મસ્તી કરવી, વ્યભિચારી બની જવું વિગેરે તેના પૂરા લશ્કરની સાથે સમાજ ઉપર છવાઇ રહ્યું છે. અલ્લાહ તઆલા પોતાના સાચા હબીબના સદકામાં મોઅમીનો અને નેક લોકોને પોતાની મહેરબાનીથી આ જમાનાની બુરાઇઓના હમલા સામે આપણી હિદાયત કરતો રહે અને આ કાંટાળા માર્ગમાંથી પસાર થવાની તૌફીક અતા કરે. પયગમ્બર(સ.અ.વ.) ફરમાવે છે :

وَ رَأيَت النَّاسَ قَدُ اِسُتَوَوُا فی ترك الاَمُرِ
بِالُمَعُرُوفِ وَالنَّهُيِ عَنِ الُمُنُكَر، وَ تَرُكِ التَّدَيُّنِ بِه۔

*''અને તમે જૂઓ છો કે લોકો અમ્ર બીલ મઅરૂફ અને નહિ અનીલ મુન્કરને છોડી દેવા માટે એકમત થઇ ગયા છે અને દીનની વિરોધ કરવામાં આગળ પડતો ભાગ ભજવે છે. તકવા વગરના લોકો દુનિયાના જાહીલો સાથે ભળી ગયા છે.''*

(બેહારૂલ અન્વાર, ભાગ - ૫૨, પાના નં. ૨૫૯)

આખર જમાના માટે જે હદીસો આવેલી છે, તે ખરેખર સાચી પડી રહી છે એક જગ્યાએ કહેવામાં આવ્યું છે.

اِذا كَثُرَ الُجَوُرُ وَالُفَسادُ وَ ظَهَرَ الُمُنُكَرُ وَ
اُمِرَ النَّاسُ بِه، وَ نَهَوُا عَنِ الُمَعُرُوُفِ، وَ كَثُرَ
الُقَتُلُ وَاسُتَخَفَّ النَّاسُ بِالدِّمَاءِ۔

*''જ્યારે ફિત્ના ફસાદ વધી જાય ત્યારે તેનું કારણ મુન્કેરાત (મનાઇ કરવામાં આવેલી બાબત ઉપર અમલ કરવો) હશે. લોકો સાથે મળીને બીજાને મુન્કેરાત તરફ દોરશે અને નેક અમલોથી રોકી લેશે. કત્લે આમ ઘણી થશે. અને લોકો ખૂના મરકીને સામાન્ય ગણશે.''*

(બેહારૂલ અન્વાર, ભાગ - ૫૨, પાના નં. ૧૯૩)

આપણા રોજીંદા જીવનમાં જે અનુભવો થઇ રહ્યા છે તેના અનુસંધાનમાં નીચેની હદીસથી આખર જમાનો દેખાઇ રહ્યો છે.

اِذا اسُتَحَلُّوا الُكَذِبَ، وَاتَّبَعُوُا الاَهُوَاءَ، وَاسُتُعُلِنَ الُفُجُوُرُ
وَ قَوُلُ الُبُهُتَانِ وَ صُدِّقَ الُكَاذِبُ وَائُتُمِنِ النمَائِنُ،
شَهِدالشَّاهِدُ مِنُ غيرِ اَنُ يُسُتشهَدُ، وَ شهِد الآخرُ، قَضاءً
لِذِمَامٍ بغيرِ حقّ عَرَفَهٗ۔ فَعِنُدَ ذَالِكَ الُوَحَا اَلُوَحَا!۔

*''લોકો જ્યારે જુઠને યોગ્ય ઠરાવશે અને વાસનાઓનું અનુસરણ કરશે. બેદીનીભર્યું વર્તન પ્રર્વતતું હશે, ચારે તરફ આક્ષેપો થતા હશે. જુઠ્ઠાઓને સાચા માનવામાં આવશે. અને વિશ્વાસઘાતીઓને વિશ્વાસપાત્ર ગણવામાં આવશે, સાક્ષીઓ જોયા કારવ્યા વગર કોઇકના કહેવાથી સાક્ષી આપશે. અને બીજાઓના કરારો બાબતે ખોટી સાક્ષી આપશે. જો કે તેઓ તે બાબતને જાણતા નહિ હોય. તેવા સંજોગોમાં દરેક જગ્યાએ આગ વરસી રહી હશે.''*

(ઇમામ મહદી, પાના નં. ૨૧૯)

દુનિયા એટલી નાની થઇ ગઇ છે કે દુનિયાના ખુણે ખુણાના તાજા સમાચારો લોકોને ટી.વી અને ઇન્ટરનેટ મારફતે મળી રહે છે. તેના પરિણામે સ્થિતિ કેટલી માનવતા વિહોણી બની રહી છે તે દરેક વ્યક્તિ પોતાની આંખોથી જોઇ શકે છે. શું તે સાચું નથી કે આંતર રાષ્ટ્રીય સ્તરે જુઠે સચ્ચાઇનું મહોરૂં પહેરી લીધું છે? શું અધર્મીઓ સાથે વ્યક્તિગત અને સામાજીક સાંઠગાંઠ સામાન્ય નથી? શું ખયાનત કરનારા આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વાસપાત્ર નથી બની ગયા જ્યારે કે જાણે છે કે મહાસત્તાઓનો તેમાં શું સ્વાર્થ છે? શું આજે અદાલતોમાં નાની અદાલતોથી લઇને મોટામાં મોટી અદાલતોમાં, એટલે સુધી કે આંતરરાષ્ટ્રીય અદાલતોમાં ખોટા સાક્ષીઓની ભરમાર નથી? શું મારા મારી અને કાપાકાપી સામાન્ય નથી બની ગઇ? શું બોમ્બના ધડાકાઓથી આગ નથી વરસતી? દરેક દિશામાં દરેક

બાજુએ આગ વરસશે અને વરસતી રહેશે. કદાચ એ જમાનો પણ આવશે કે વાદળોમાં વરસવા માટે એક ટીપું પાણી બાકી નહિ રહે. તે સમયે જમીનની અંદરના ભંડારો, લીલોતરી અને વસંતનો સિલસિલો મૃતઃપાય બની જશે. તે સમયે જરુર બતુલના લખ્તેજીગરના આગમનો પગરવ સંભળાશે મૃતઃપાય જમીનમાં નવજીવન આવશે. દશેય દિશાઓ મહેકી ઉઠશે. બાતીલના ઓછાયા સમેટાઇ જશે. હકનું નુર પ્રકાશવા લાગશે. નુરની ઠંડી કિરણોથી લોકોના લોહીના કણેકણમાં ખુશી અને આનંદ પ્રસરી જશે. અલ્લાહ તઆલાનો વાયદો પૂરો થઇને રહેશે. તે પોતાના તે બંદાઓ જેને આ દુનિયામાં કમજોર બનાવી દેવામાં આવ્યા છે તેઓની ઉપર જરૂર અહેસાન કરશે અને તેઓને પોતાના વારસદાર બનાવશે. જયારે ઇમામ બાકિર(અ.સ.)ને પૂછવામાં આવ્યું :

وَ نُرِيْدُ اَنْ نَمُنَّ عَلَى الَّذِيْنَ اسْتُضْعِفُوْا فِى الْاَرْضِ

આ લોકો કોણ હશે? ત્યારે આપે(સ.અ.વ.) ફરમાવ્યું:

તે ઇમામે ઝમાના(અ.સ.)ના ૩૧૩ સાથીદારો છે, જે હઝરત હુજ્જત(અ.સ.)ના પ્રતિનિધિઓ તરીકે આખી દુનિયા ઉપર હુકુમત કરવામાં આપ(અ.સ.)ના મદદગાર બનશે.

હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ની એક હદીસની નોંધ કરવામાં આવે છે કે જેની ૧૪૦૦ વર્ષ પહેલા કલ્પના પણ લોકો ન હોતા કરી શકતા. મૌલાએ તે વાત પોતાની હદીસમાં વર્ણવી છે. તેમાં તે માહિતી આપી છે જે આજે દીનની એક બિમારી છે.

اِذَا دَرَجَ الدَّارِ جُوْنَ وَ قَلَّ

الْمُؤْمِنُوْنَ، ذَهَبَ الْمُجْلِبُوْنَ۔

*''આ ઉમ્મત ઉપર એ સમય આવશે જ્યારે મૂડી માણસો પોતાના મૂડ મુજબ કાર્યો કરશે અને જે યકીન રાખનારા હશે તે લઘુમતિમાં હશે. આગાહી કરનારા અને ચેતવણી રાખનાર ચાલ્યા જશે.''*

(રોઝગાર રેહાઇ, પાના નં. ૮૦૫)

અહિં સૌથી વધુ રસપ્રદ શબ્દ 'ધીરજ' છે. આજના યુગમાં કામ કરનારા પોતાના મૂડ ઉપર કામ કરે છે. આજે સમગ્ર જીવનમાં જો કોઇ વસ્તુ કામ કરતી હોય તો તે માનવીનો મૂડ છે. ઇમામ અલી(અ.સ.)એ પોતાની આંખોથી આજના જીવનની ચડ ઉતરને જોઇ અને તે સમયે તેની આગાહી કરી લોકો કહે છે :

જાનતા હું સવાબે તાઅતો ઝોહદ
પર તબીયત ઉધર નહિ આતી

દીન ઉપર અમલ, તેની તકલીફો જાણવી, કુરઆન ઉપર ચિંતન અને મનન આ બધી વાતો બરાબર છે પરંતુ તેનો આધાર તબીયત અને કામ કરવાની પદ્ધતિ ઉપર છે. અલ્લાહ રહેમ કરે તેઓની ઉપર જેઓની ઉપર મૂડ છવાએલો રહે છે.

આ અંતિમ હદીસ :

وَ ضُيِّعَتِ الصَّلٰوتُ، وَعُوْصِرَتِ السَّمٰوَاتُ

فَحِيْنَئِذٍ تَكُوْنُ السَّنَةُ كَالشَّهْرِ وَالشَّهْرُ كَالْاُسْبُوْعِ

وَالْاُسْبُوْعُ كَالْيَوْمِ وَالْيَوْمُ وَالْيَوْمُ كَالسَّاعَةِ۔

(જયારે મૂડ ઉપર નમાઝનો આધાર હશે તો પછી કેવી નમાઝ...... તેથી)

*''આખર જમાનામાં નમાઝ બરબાદ થઇ જશે. આસમાન પથરાએલા હશે. વરસ મહિનાઓની જેમ, મહિનાઓ અઠવાડિયાની જેમ, અઠવાડિયા દિવસની જેમ અને દિવસો કલાકોની જેમ પસાર થઇ જશે.''*

(ઇલઝામુન્નાસીબ, પાના નં. ૧૦૪)

નમાઝ એક અમૂલ્ય ઇબાદત છે તેમાં કોઇ શંકા નથી. આસમાનનો ફર્શ બિછાવેલો છે. એટલે કે માનવીઓની નજીક આવી ગયો છે. હવે આપણે અવકાશયાત્રીઓ થઇ ગયા છીએ. ચાંદ અને ગ્રહોની તરફ સફર શરૂ થઇ ગઇ છે. એરોપ્લેનમાં મુસાફરી કરીએ છીએ. જેના કારણે દુનિયાનાં એક છેડાથી બીજા છેડા સુધીની મુસાફરી વરસોની બદલે કલાકોમાં બદલાઇ ગઇ છે. આ હદીસમાં આ જમાનાની સૌથી મોટી ખાસીયત લખી છે તે છે જીંદગીનું ઝડપી ગતિથી પસાર થઇ જવું. જેને આપણે ફાસ્ટ લાઇફ કહીએ છીએ. એટલે વરસ એવી રીતે પસાર થશે જેવી રીતે મહિનો પસાર થયો, અને અઠવાડિયું એક દિવસની જેમ પુરૂં થશે અને દિવસ એ રીતે પૂરો થશે જેમ કે માત્ર એક કલાક પસાર થઇ.

આ રીતે બાળપણ, જવાનીના ઝડપથી પસાર થઇ જશે. જવાની આંખના પલકારામાં વૃદ્ધાવસ્થામાં બદલાઇ જશે. નફસનો હિસાબ કિતાબ અને ઇસ્તગફારની મોહલત ક્યારે અને કેવી રીતે મળશે તે પોતે જાણી નહિ શકે. એટલા માટે કે નમાઝ અઘરી લાગશે. મોજશોખમાં અને

રમત ગમતમાં દિલ લાગશે કે જ્યારે આ મસ્તીથી આંખો ખુલશે ત્યારે મોડું થઇ ચુક્યું હશે. તે વાતાવરણમાં બરાડ તો રહેશે.

ગઝલ કિસને છેડી મુજે સાઝ દેના
ઝરા અમ્રે રફતા કો આવાઝ દેના

મોહતરમ વાંચકો! સાહેબઝઝમાન સમયની લગામ હાથમાં લઇને આપણી કૌમની લોકોને બોલાવી રહ્યા છે. આવો, કાફલાના કાફલા, ટોળાના ટોળા...... આપના અવાઝ ઉપર લબ્બયક કહીને વર્તમાન યુગનું રેખા ચિત્ર આવનારી પેઢી માટે છોડીને આપણા મૌલાની મંઝીલ સુધી પહોંચવા માટે ઝડપ કરીએ.

સાચું છે કે આપણા મૌલા માત્ર એક ડગલું વધીએ તો આપણી તરફ દસ ડગલા ભરીને નજીક આવે છે. તેથી આપણે દીન અને કુરઆનની બુઝુર્ગીને સ્થાપિત કરવા માટે ઉપર દર્શાવેલ હદીસના પ્રકાશમાં તન, મન અને ધનથી લાગી જઇએ જેથી આપણા મૌલા આપણાથી રાજી રહે. આમીન.......